સે.૨૪માં રંગમંચ સામે વારંવાર જળાશય સર્જાવાનું આશ્ચર્યજનક કારણ..!!!

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ચોમાસાની ઋતું ધીમે ધીમે જામી રહી છે અને તે સાથે સાથે બીજી તરફ શહેરમાં અનેક સ્થળે વહીવટીતંત્રના પ્રિ મોનસૂન પ્લાનના ધજાગરા ઉડતાં જોવા મળી રહ્યાં છે.

શહેરના સેક્ટર-૨૪માં રંગમંચની બરાબર સામે વરસાદી પાણીના નિકાલની લાઈન ઉભરાતાં સમગ્ર વિસ્તાર જળાશય સમાન બની ગયો હતો. આ સ્થળે છેલ્લાં બે વર્ષથી દર ચોમાસામાં આ પ્રકારની પરિસ્થિતી સર્જાતી હોવાનું સ્થાનિક અગ્રણીઓએ જણાવી તેનું કારણ પુછતાં તેના જવાબમાં આ સમસ્યાના ઉકેલ માટે આવેલા કર્મચારીઓએ જણાવ્યું હતું કે અહીં નાંખવામાં આવેલી નવી ગટર લાઈનના કારણે આજે સ્ટોર્મ વોટરની લાઈનનું કનેક્શન જ કપાઈ ગયુ છે જેના કારણે વરસાદી પાણીનો નિકાલ થતો નથી. આ જવાબ સાંભળીને સ્થાનિક અગ્રણીઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ જવા પામ્યાં હતા.

ટીંટોડા ગામે ૫૦ ફૂટ ઉંડા કૂવામાં ફસાયેલા રાષ્ટ્રીય પક્ષી મોરનું રેસ્કયુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે આશરે ૫૦ ફૂટથી વધુ ઉંડા કૂવામાં પડી ગયેલા રાષ્ટ્રીય પક્ષી મોરનું "ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપ"ના યુવા સ્વયંસેવકો દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આજે સાંજે આશરે ૫ વાગ્યાની આસપાસ ટીંટોડા ગામે રાષ્ટ્રીય પક્ષી મોર આશરે પાંચ-સાત કલાકથી કૂવામાં ઊંડો ઉતરી ગયો હોવાથી બહાર નીકળી ન શકતો હોવાનો રાજુભાઈ ઠાકોર નામના વ્યક્તિનો કોલ પ્રાપ્ત થયો હતો જેના આધારે ફોરેસ્ટ રેન્જ ઓફિસર કિંજલ ઠાકોરે "ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપ"ના યુવા રેસ્કયુઅર સ્વયંસેવકોનો સંપર્ક સાધ્યો હતો જેના આધારે તેજસ રાવળ, પ્રદીપ રાવળ, ભાવેશ, ધવલ અને મિતેશ સહિતની ટીમ સ્થળ પર પંહોચી હતી. આ અગાઉ ગ્રામજનો દ્વારા માંચડો બનાવીને મોરને બહાર કાઢવા પ્રયત્ન કરાયો હતો પરંતુ આઠ દસ ફૂટ ઊંચો માંચડો આવતાં જ મોર ગભરાઈને માંચડા પરથી ઉતરી જતો હતો જેના કારણે સફળતા પ્રાપ્ત થઈ ન હતી. રેસ્કયુઅર તેજસ રાવળ

દોરડાથી સેફટી બેલ્ટ બનાવીને કૂવામાં લટકીને ઉતર્યો હતો અને તેણે મોરને પકડીને બહાર લઈ આવવામાં સફળતા મેળવી હતી. તેજસ રાવળે જણાવ્યું હતું કે "પુખ્ત મેલ મોર હોવાને કારણે તેની મોટી પાંખો અને લાંબાં પીંછા હોવાથી તેને ઉડાન ભરવા માટે ખુલ્લી જગ્યા જોઈએ જે કુવામાં મળવી શક્ય નહોતી જેના કારણે તે બહાર આવી શકતો નહોતો." રાષ્ટ્રીય પક્ષી મોર સલામત રીતે બહાર આવી જતાં ગ્રામજનોએ આનંદ વ્યક્ત કર્યો હતો અને સમગ્ર રેસ્ક્યુ ટીમને અભિનંદન આપ્યાં હતાં.

સેક્ટર-૭ શોપીંગ સેન્ટરની મધ્યમાં એક સુંદર મજાનો ચબૂતરો બનાવવામાં આવ્યો છે. ચબૂતરામાં પક્ષીઓ તો ચણ ખાય જ છે પરંતુ વરસાદી સિઝનમાં આ ચબૂતરો શ્રમિકો માટે આશ્રયસ્થાન જેવો બન્યો છે. વરસાદમાં ભીંજાયેલા કપડા શ્રમિકો અહીં સુકવવા નાખે છે.

ઉવારસદમાં વંદે ગુજરાત યાત્રાનું સ્વાગત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ઉવારસદમાં આવેલ કોમ્યુનિટી હોલમાં 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં સહભાગી થઈ રથને પ્રસ્થાન કરાવી સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને સરકારી યોજનાના લાભોનું વિતરણ કર્યું હતુ. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર તાલુકા ભાજપના મોહબતસિંહ ઠાકોર, મહોતજી ઠાકોર, ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

માધવગઢ ખાતે નવીન બોરનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં માધવગઢ ખાતે પેટા પરા લક્ષ્મીપુરામાં લોકોના વિકાસ અને મુળભુત જરૂરીયાત એવી પીવાના પાણીની સમસ્યા ઉભી ન થાય તે માટે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા નવીન બોરનું ઉદ્ઘાટન કરાયું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા અને બાયોફિક્સ પ્રા.લિ.ના સંયુક્ત ઉપક્રમે 'ફીટ્સઓનસ્ટ્રીટ' મેગા ઇવેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા અને બાયોફિક્સ પ્રા.લિ.ના સંયુક્ત ઉપક્રમે મેગા ઈવેન્ટ 'ફીટ્સઓનસ્ટ્રીટ'નું આયોજન તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૨ના રોજ રવિવારે સવારે ૦૯:૦૦ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સામાજિક જાગૃતિ કાર્યક્રમ, બિઝનેસ મીટ, શેરીનાટક, સ્વચ્છતાને લગતી આકર્ષક રમતો સહિત મનોરંજક પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા ફેલાવવા તેમજ કચરાના યોગ્ય નિકાલની માહિતી આપવા માટે જ્ઞાન સાથે ગમ્મત સમાન પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ ઉપરાંત કચરાના વ્યવસ્થાન અંગેની જાગૃતિ લાવી શકે તેવા નાટકો રજૂ કરવામાં આવશે. પર્યાવરણની જાગૃતી માટે વિવિધ એક્ઝિબિશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના વધુમાં વધુ નગરજનોને આ ઈવેન્ટમાં સહભાગી થવા માટે આમંત્રણ છે.

જીવનને સાર્થક કરે ગુરુનું માર્ગદર્શન અને આશીર્વાદ

આજે ભગવાન વેદ વ્યાસના જન્મદિન "ગુરુ પૂર્ણિમા"ના પાવન દિવસે ગાંધીનગરના ધાર્મિક સદગુરુઓનો શહેરીજનોને ખાસ સંદેશ

ગાંધીનગર, તા.૧૨

અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. . ગુરુ પૂર્ણિમાના દિવસે વિશ્વના સૌથી મોટા પુસ્તક 'મહાભારત'ના લેખક શ્રી ગુરુ વેદ વ્યાસજીનો જન્મ થયો હતો જેથી આ દિવસને ગુરુ પૂર્ણિમા અથવા વ્યાસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે પુરાણો અને વેદોની રચના કરી છે. ગુરુ પૂર્ણિમા એ ગુરુ અને શિષ્યના પવિત્ર સબંધોને ઉજાગર કરતો તહેવાર છે. ગુરુની શિષ્ય પ્રત્યેની ઉદારતા, પ્રેમ, હૂંફ અને ગર્વ તેમજ શિષ્યના ગુરુ પ્રત્યેના આદર , માન અને નિષ્ઠાને અભિવ્યક્ત કરવાનો તહેવાર છે. આ તહેવાર આપણા દેશમાં ખૂબ જ શ્રદ્ધા અને ભાવથી ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં પણ ગુરુ પૂર્ણિમાની ઉજવણી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં ગુરુને સૌથી શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયથી લઈને આજ સુધી ગુરુને હમેશાં શ્રેષ્ઠ દરજ્જો આપવામાં આવ્યો છે. ગુરુમાં ગુ નો અર્થ "અંધકાર" અને રુ નો અર્થ "પ્રકાશ" થાય છે. તો જે અંધકારમાં પ્રકાશનો દીવો પ્રગટાવે છે. આપણા જીવનમાં ગુરુની એક મોટી ભૂમિકા છે, ગુરુ વિના કોઈપણ દિશામાં સિદ્ધિ પ્રાપ્ત કરવી અશક્ય છે. ગુરુ પોતાના આચરણ દ્વારા શિષ્યના જિંદગીનું ઘડતર કરે છે તેથી ગુરુને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. આજના આ પાવન દિન નિમિત્તે ગાંધીનગરના ધાર્મિક સદગુરુઓનો સંદેશ ખાસ "ગાંધીનગર સમાચાર"ના વાચકો માટે અત્રે પ્રસ્તુત છે.

"આજે ગુરુપૂર્ણિમા છે, શા માટે આજે છે તે વિચારણીય છે. ઉત્તર છે કે આજના દિવસે ગુરુઓના પરમગુરુ જગદગુરુ શ્રી કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીનો જન્મ થયો હતો. જેમ ધ્વજવંદન કરનાર વ્યક્તિ રાષ્ટ્રને વિસરી જાય ન ચાલે એમ જ પોતાના લવચિક ગુરુ કંઠી-મંત્ર આપનાર ને જ ભગવાન માની પૂજનારો માનવ ગુરુઓના ગુરુ વેદ વ્યાસને ભૂલી જાય તે ન ચાલે. પ્રથમ ગુરુ વ્યાસ ગુરુ પછી લૌકિક ગુરુ. વેદ વ્યાસ ભગવાને પોતાના ગ્રંથોમાં કોઇ એવો વિષય નથી કે જેના વિષે લખ્યું ન હોય. જે ભાગવત કથા વાંચીને પંડિતો લોકમાન્ય બને છે, તે ભાગવતના રચનારા વેદ વ્યાસ મહારાજ છે. ગીતાજીના રચનાકાર પણ વ્યાસજી છે. આવા જગદગુરૂ વ્યાસજીને વંદન. હજારો ગુરુ બનાવવામાં લોકો સાવધાની રાખે જેથી પોતે છેતરાય નહીં."

- પૂ. શ્રી ફૂલશંકર શાસ્ત્રીજી
ધર્માચાર્ય, શ્રી પંચદેવ મંદિર, સે.૨૨

"ગુરૂ છે તો જ્ઞાન છે બાકી જીવનમાં અંધકાર છે,

ગુરૂ એટલે- જીવ ને શિવ સાથે મળાવનાર,

ગુરૂ એટલે - જીવન ને અંધકારમાંથી પ્રકાશમા લાવનાર... ગુરૂ હોય તો જ ભગવાન મળી શકે. ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે સૌને શુભેચ્છાઓ અને સુભાષિશ સાથે જય સ્વામિનારાયણ."

- મહંત સ્વામી પૂ.પુરુષોત્તમપ્રકાશદાસજી
સ્વામિનારાયણ મંદિર, સે.૨

"ગુરુ ગોવિંદ દોનુ ખડે, કાકો લાગુ પાય; બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય... વગેરે વગેરે ગુરુ વિશે ઘણું કહેવાયું છે. પરંતુ ગુરુ પદનું સાચું રહસ્ય કદાચ હજુ પણ સમાજમાં બધા સમજી શક્યા નહીં હોય. જીવનનું સત્વ અને તત્વ ગુરુ જ સમજાવી શકે છે. ગુરુ એક પદ છે એ કોઈ ફૂટપટ્ટીથી માપવાનું કદ નથી. જીવને ભૌતિકતા થી આધ્યાત્મિકતા સુધી લઈ જીઈ અને મોક્ષનો સાચો રાહ સદ્ગુરુ બતાવે છે. જગદગુરુ પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં ગુરુપૂર્ણિમાના પર્વ નિમિતે પ્રાર્થના કે સમાજમાં સત્ય અને જ્ઞાનની અભિવૃદ્ધિ થાય અને સમાજમાં સંસ્કારીતા, સદ્ગુણ અને સત્યજ્ઞાનની અભિવૃદ્ધિ થાય એવી અભયર્થના."

- શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી
સ્વામિનારાયણ મંદિર સે.૨૩

"મનુષ્ય પહેલેથી જ પારંગતતા કે કુશળતા લઈને નથી જન્મતો. જીવનના વિવિધ ક્ષેત્રોમાં અને વિવિધ તબક્કે કોઈ માર્ગદર્શકની સહાયથી જ આપણે આવડત અને પ્રગતિ સાધીએ છીએ. ભૌતિક કે આધ્યાત્મિક બંને માર્ગે આ વાત સમાન રીતે લાગુ પડે છે. આપણા જીવનમાં પથદર્શન કરનાર દરેક ગુરુજન કે માર્ગદર્શક પ્રતિ અહોભાવ પ્રગટ કરવાનો મહામૂલો અવસર 'ગુરુપૂર્ણિમા'. આજના આ શુભ દિવસને ખૂબ કૃતજ્ઞતાપૂર્વક વધાવવો જોઈએ. 'ગુરૂ' એ વ્યક્તિવિશેષ શબ્દ નથી, પણ પદવિશેષ શબ્દ છે. આ વ્યાસપદમાં સર્વજીવોના સ્વીકાર અને સમાવેશની વિશાળતા અને કરુણા છે. શરણે આવેલા જીવનો હાથ પકડી આ અફાટ સંસારસમુદ્રમાંથી પાર ઉતારવાનું દુષ્કર કાર્ય દયાસિંધુ ગુરૂવર કરે છે. આધ્યાત્મિક અને વ્યવહારિક બંને માર્ગે ગુરુનું માર્ગદર્શન અને આશીર્વાદ જીવનને સાર્થક કરે છે. આપ સૌની આંતરિક અને બાહ્ય સુખ, શાંતિ, સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ થાય, જીવન ધર્મમય અને સત્યગામી બને તેવા આજના શુભ દિને આપ સૌને અંતરના આશિષ સહ શુભેચ્છાઓ."

- ગુરુમા સમાનંદ સરસ્વતી
સમદર્શન આશ્રમ, સે.૧

"ગુરુપૂર્ણિમાનો પવિત્ર પ્રસંગ આપણા જીવનની અપૂર્તિને પૂર્ણ કરવા માટે છે. આપણી અંદર રહેલા દુર્વાદ, અપવાદ અને વિવાદને સદગુરુનું સાંનિધ્ય દૂર કરે છે સાંપ્રત સમયમાં તન, મન અને ધન શુધ્ધ કરવા માટે સદ્ ગુરુના આશીર્વાદ ખૂબ જ જરુરી છે."

- મહામંડલેશ્વર પૂ. મધુસૂદનદાસજી મહારાજ
મહંત, શ્રી રામધામ, વાવોલ.

સેક્ટર-૨૭ના બસસ્ટેન્ડ નજીક વરસાદના કારણે જમીન બેસી ગઈ છે. અહીં મોટો ભૂવો પડતા વાહનચાલકો અને રાહદારીઓ માટે તે ભયજનક બન્યો છે. જો વધુ વરસાદ પડશે તો આ ભૂવો મોટો થઈ શકે છે. કોર્પોરેશને તાત્કાલિક પગલાં લઈ ભૂવાનું પુરાણ કરવું જોઈએ.

રાજ્યમાં વરસાદનું જોર પ્રમાણમાં ઘટ્યું

ગાંધીનગર, તા. ૧૨

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આજે રાજ્યમાં પડી રહેલા વરસાદની પરિસ્થિતિ અંગે સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે ગઈકાલ કરતાં આજે ગુજરાતમાં વરસાદનું જોર પ્રમાણમાં ઘટ્યું છે. જો કે રાજ્યનું વહીવટીતંત્ર હજુ પણ સ્ટેન્ડ ટૂ છે અને નાગરિકોના જાનમાલની સુરક્ષા અને સલામતી માટે સજ્જ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્યમાં પડી રહેલા વરસાદની સમગ્ર પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કરીને તંત્રને જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા પણ મુખ્યમંત્રીને કેન્દ્રની સહાય માટે તત્પરતા દર્શાવવામાં આવી છે. મુખ્યમંત્રીએ પણ રાજ્યના નાગરિકોને અપીલ કરતાં કહ્યું છે કે રસ્તા પરથી વહેતા પાણીના વહેણને ઓળંગવાનો પ્રયાસ કરી બિનજરૂરી જોખમ ખેડવું નહીં.

મંત્રી ત્રિવેદીએ ઉમેર્યું કે રાજ્યના આઠ જિલ્લાઓ પૈકી ત્રણ જિલ્લાઓ ભરૂચ, છોટાઉદેપુર અને નર્મદા રેડ એલર્ટ ઝોનમાંથી બહાર આવી ગયા છે. જ્યારે હજુ પણ પાંચ જિલ્લાઓ સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાઓ રેડ એલર્ટ પર છે. સમગ્ર વહીવટી તંત્ર દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી છે ત્યારે નાગરિકો પણ સંપૂર્ણ કાળજી રાખે તે ઈચ્છનીય છે.

મંત્રીએ કહ્યું કે રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૯ માનવ મૃત્યુ નોંધાયા છે જેમાં સૌથી વધુ મૃત્યુ વીજળી પડવાથી થયા છે. એક પણ મૃત્યુ વહીવટીતંત્રના વાંક કે નિષ્કાળજીના પરિણામે થયા હોવાનું ધ્યાને આવ્યું નથી. રેસ્ક્યુ ઓપરેશનની કામગીરીમાં પણ નાગરિકોનો પૂરતો સહયોગ મળી રહ્યો છે. સરકારના આદેશો અને અપીલને નાગરિકો માન આપી તે મુજબ સહયોગ આપી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે. હજુ પણ આવો સહયોગ નાગરિકો તરફથી મળતો રહે તેવી અપેક્ષા છે.

કડીના ચારોલ ગામે ખેતરે જઈ રહેલા બે ખેડૂતો વરસાદના પાણીમાં તણાયા

મહેસાણા, તા.૧૨

કડી તાલુકાના ચારોલ ગામે ઘરેથી ખેતર જઈ રહેલા બે ખેડૂતો વરસાદના પાણીમાં તણાયા હતા, જેમાં એક ખેડૂતનો બચાવ થયો હતો તો એક ખેડૂત વરસાદના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

અમરતભાઈ ઠાકોર તેના મિત્ર સાથે ખેતર જતાં હતા ત્યારે ગામ પાસે તળાવના વહેણમાં અચાનક વરસાદી પાણીનો ધસારો વધી જતાં બન્ને મિત્રો તણાવા લાગ્યા હતા. જોકે એક મિત્રનો બચાવ થયો હતો જ્યારે બીજા વ્યક્તિ અમરતભાઈ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતા જ ગામ લોકો દોડતા તળાવ પર પહોંચ્યા હતા. જોકે ખેડૂતની કોઈ ભાળ મળી નહોતી. ગઈકાલે બનેલ આ ઘટના બાદ તંત્ર દ્વારા મદદ ન મળતા ગામ લોકો રોષે ભરાયા હતા આખરે આજે બપોરના સમયે ફાયર વિભાગની બે ટીમો પહોંચી હતી અને પાણીમાં ખેડૂતની શોધખોળ શરૂ કરાઇ છે.

ફાયર વિભાગને પણ હજુ સુધી પાણીમાં ગરકાવ થયેલ ખેડૂતની કોઈ ભાળ મળી નથી.

મેઘ તાંડવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણે નવસારી જળબંબાકાર થયું છે. નવસારીના રૂસ્તમવાડી વિસ્તારમાં પૂરના કારણે આશરે ૭૩ વર્ષના વૃદ્ધનું મોત નિપજ્યું હતું. પંરતુ પાણી ભરાયેલા હોવાથી અંતિમયાત્રા નીકળી શકે તેમ ન હતી. આખરે નગરપાલિકા તંત્રની મદદથી અંતિમયાત્રા કાઢવામાં આવતા પૂરના પાણીમાં ગમગીન દ્રશ્યો સર્જાયા હતા. આ અંતિમ યાત્રામાં મુસ્લિમ સમાજના લોકોએ પણ કાંધ આપી હતી. પૂરની તારાજીમાં પણ કોમી એકલાસના દ્રશ્યો જોવા મળ્યા હતા.

તો આ તરફ પૂર્ણા નદીમાં પૂર આવવાથી લોખંડવાલા કોમ્પલેક્ષના બીજા માળેથી પાણીમાં પડેલા આધેડનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે. તરતા ન આવડતું હોવાથી આધેડ પાણીમાં ડૂબી ગયા હતા. તેમનો મૃતદેહ સ્થાનિકો અને રેસ્ક્યૂની ટીમ દ્વારા બહાર કાઢવામાં આવ્યો હતો.

નવસારીમાં વરસાદી પાણીના આકાશી દ્રશ્યો પણ સામે આવ્યા છે. ડ્રોન કેમેરાની નજરેથી સ્પષ્ટ રીતે મેઘતાંડવના દ્રશ્યો જોઈ શકાય છે. પાણીવાળા વિસ્તારમાં જીવ બચાવવા લોકો અગાશી પર ચડી ગયા છે. જુઓ તારાજી તસવીરનો ડ્રોન વીડિયો

નવસારીના શાંતા દેવી રોડમાં હજુ પણ પાણી ભરાયેલા છે. જેને કારણે પ્રસૂતાને એમ્બ્યુન્સ સુધી લારીમાં લઈ જવાની ફરજ પડી છે. રસ્તામાં પાણી ભરાયેલા હોવાથી એમ્બ્યુલન્સ પ્રસૂતાના ઘર સુધી પહોંચી શકી ન હતી. જેને કારણે પ્રસૂતાને લારીમાં બેસાડવી પડી હતી. ઉલ્લેખનીય છે કે, નવસારીના શાંતા દેવી રોડ વિસ્તારમાં રાત્રીના ૩ વાગ્યાથી વરસાદ વરસી રહ્યો છે.નવસારીના ઉપરવાસમાં વરસી રહેલા સતત વરસાદને કારણે અંબિકા નદીમાં પૂર આવ્યું છે. જેને કારણે ગણદેવી તાલુકાનું ઘોલ ગામ સંપર્ક વિહોણું થયું છે. જેથી કેબિનેટ મંત્રી નરેશ પટેલે હોડીમાં બેસીને પૂર અસરગ્રસ્ત લોકોની મુલાકાત લીધી છે. ઉલ્લેખનીય છે કે, અંબિકા નદી ભયજનક સપાટી વટાવી ચૂકી છે. જેથી સેવાભાવી આગેવાનો અને વટીવટીતંત્રના કર્મીઓ ખડેપગે ઊભા છે. રાહત બચાવની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

સૂચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્ષેત્રની અદાલતોમાં એ પ્રકારના કેદીઓ જે જામીન પ્રક્રિયા પુરી કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. તેઓને કાનૂની મદદ કરવા માટે યોગ્ય પગલા ઉઠાવવા પણ જણાવ્યું હતું તથા આગામી ચાર માસમાં આ અંગેનો એક રીપોર્ટ પણ સુપ્રીમને આપવા સૂચના આપી હતી.

નવા ૨૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકામાં દંતાલી, ચિલોડા અને અડાલજમાંથી કેસ મળી આવેલ છે. અડાલજમાં ૮૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં રાંચરડામાંથી એક મહિલા અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના આજે નોંધાયેલા કેસના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં આજે ૯૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૭૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૨૦ કેસ નોંધાયા છે. લોકલ ટ્રાન્સમિશન ઝડપથી વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ જેટલા દર્દીઓ પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતા સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દી છે જ્યારે બે ૧૦ વર્ષથી પણ ઓછી આયુ ધરાવતા બાળકો છે. ૬૦થી વધુ વય ધરાવતા એક દર્દીનો પણ આજે થયેલા સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે.

શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા તેમજ બાળકોની સંખ્યા અને મોટીવયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાની વાતને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટીમાં કોરોનાની સ્થિતિ હજુ નિયંત્રણમાં આવી નથી. આજે આ સંકુલમાંથી વધુ પાંચ કેસ મળી આવતાં તંત્રએ વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી સર્વેલન્સ સઘન કરવાની તાકીદ કરી છે.

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુરમાંથી ૪, સે. ૨૯માંથી ૩, સરગાસણ, વાવોલમાંથી ૨-૨ કેસ તેમજ સે. ૧૨, સે. ૫, રાંદેસણ અને રાયસણમાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

પેથાપુરમાંથી ૬ વર્ષની બાળકી અને આઈઆઈટીમાંથી ૮ વર્ષની બાળકી સંક્રમિત થયેલી મળી આવી છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૧૭૦ પર પહોંચી છે.

મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.